નર્મદાના રેખાચિત્રો

આયર આલાભાઈ એમ.
આસિસ્ટન્ટ પ્રોફેસર
મુ.પો. – બકુત્રા.

Received: April 21, 2018 Accepted: May 23, 2018

સાહિત્ય અને પ્રકૃતિ આમ તો એક સિક્કા ની બે બાજુ છે પણ પ્રકૃતિ થી ભરેલું સાહિત્ય ક્યાં ને ક્યાં રેખાચિત્રો ઉપસાવતું હોય છે.

રેખાચિત્રો નો વિશાળ પટ મોટા ભાગે પ્રવાસસાહિત્ય અને નિબંધો માં વિભાજીત થયેલો છે . નિબંધકાર પોતાની આગવી છટાથી સાહિત્યમાં પોતાની નજરે નિહાળેલા વ્યક્તિત્વને રેખાકૃતિમાં અને શાબ્દિક સ્વરૂપમાં ઢાળતો હોય છે.

પ્રવાસ સાહિત્ય ની જો વાત કરવામાં આવે તો મોખરે હંમેશા કાકાસાહેબ , ભોળાભાઈ પટેલ, ધૂમકેતુ, કલાપી, અમૃતલાલ વેગડ વગેરેના નામ મૂકી શકાય છે . અમૃતલાલ વેગ્દની જો વાત કરવામાં આવે તો તેમની પાસે પણ કાકા સાહેબ ની જેમ દ્વિભાષી પ્રતિભા ધરાવનારા સર્જક છે . તેઓ ગુજરાતી ભાષાને માતૃભાષા અને હિન્દી ભાષાને કર્મભૂમિની દેન છે માને છે . તેઓ સારા ચિત્રકાર પણ છે . શાંતિનિકેતન માં ચિત્ર ના અભ્યાસુ પણ રહેલા છે તેથી તેમના સાહિત્યમાં રેખાચિત્રોની વિશેષ છાપ છુપાયેલી છે.

“ સૌંદર્યની નધી નર્મદા ” સૌંદર્ય થી ભરેલું વેગડનું ખ્યાતનામ પુસ્તક છે . આ કૃતિ માટે સાહિત્ય અકાદમી દિલ્હી અને ગુજરાત સાહિત્ય અકાદમી એમ બંને પુરસ્કારો એનાયત થયેલા છે . આ કૃતિ તેમને હિન્દી ભાષામાં “सौन्दर्य की नदी नर्मदा” નામથી પ્રકાશિત કરી છે. તેના માટે તેમને મધ્યપ્રદેશ શાસન નું શરદ જોષી સન્માન અને મધ્યપ્રદેશ સાહિત્ય પરિષદનો અખિલ ભારતીય પુરસ્કાર એનાયત થયેલો છે . આ એક જ પુસ્તકથી સાહિત્યમાં પોતાનો પગ જમાવનાર વેગડે સૌંદર્ય ની નદી નર્મદામાં રેખાચિત્રોની ભરમાર જમાવી છે . પ્રકૃતિ ની સાથે રેખાચિત્રો ને ખુબજ ઉત્તમ રીતે વાગી લીધા છે.

સર્જકે રેખાચિત્રોની શરૂઆત પોતાની રેખાચિત્ર થી કરી છે પોતે છેલ્લે જ્યારે નર્મદાની પરિક્રમા કરી ત્યારે ૬૦ વર્ષના બળવાન હતા અત્યારે તેમને ૬૯ માં બેઠું છે . સુકલકડી શરીર, શ્વાસની તકલીફ ધરાવતો દર્દી છે . પોતે થોડું ચાલે ત્યાં શ્વાસ ચડે છે . સર્જક પોતાની તાસીરને વરની લેતા પોતાનાજ હતે પોતાનું રેખાચિત્ર ઊભું કરવામાં સફળ રહ્યા છે.

તેમની સાથે આ પરિક્રમામાં જોડાયેલા આર્ટ કોલેજ ના ત્રણ વિદ્યાર્થીઓ છે . તેઓ પણ આગવા ઉદ્દેશ સાથે પરિક્રમા કરવા નીકળ્યા છે . એક અરૂણ દુબે . બનારસ પાસેના એક ગામના સુખી કુટુંબનો દીકરો સ્વસ્થ , સુંદર અને પહેલવાન છે ચિત્રકલા નો અદ્દભુત ચાહક છે. સ્વાભિમાની એવો કે ઘરેથી પૈસા ન મંગાવે. જાતે કમાય અને ભણે. ચાર પાંચ વાર ચા પીવે ને આખો દિવસ કાઢે . રાત્રે હોસ્ટેલમાં પોતાના રૂમમાં રાંધે અને એક ટંક માં બે ટંકનું ખાઈ જાય આમ અરૂણ દુબેના શાબ્દિક ચિત્રમાં સર્જકની કલા ઉભરતી નજરે ચડે છે.

અરૂણ દુબે ના છાત્રાવાસ માં વિચિત્ર આદતો ધરાવતા વિદ્યાર્થીઓના રેખાચિત્રો માં સર્જક પ્રતિભાના દર્શન થાય છે. તેમની હોસ્ટેલના એક છોકરાની ગજબની ઊંઘ તેને ગમે તેટલો ઢંઢોળવા માં આવે તો પણ દસ વાગ્યા પહેલાં ઊઠે જ નહી એક વખત તેને ચાર પાઈ સાથે ઉપાડીને બહાર સડક પર લઈ ગયા ખાટલાના ચાર પાયે નાળીયેર બાંધ્યા, અગરબતી સળગાવીને જતા આવતા લોકોને કહે હોસ્ટેલનો ગરીબ છોકરો મરી ગયો છે અહી આનું કોઈ નથી, એના અંતિમ સંસ્કાર માટે દાન આપો . જોત જોતામાં અઢીસો રૂપિયા ભેગા થઈ ગયા . એટલે આને સડક

પર જ મુકીને ડાધુઓએ કોફી હાઉસની વાટ લીધી . થોડીવાર પછી એક ટ્રકે જોર જોરથી હોર્ન વગાડ્યું ત્યારે આની ઊંઘ તૂટી ને ખાટલા સહિત મડદું પાછું હોસ્ટેલમાં આવી ગયું . વેગડે પોતાની કલમે અદ્દભુત પ્રકારના રેખાચિત્રો ઉપસાવવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે. તેમની કલમમાં ક્યાં ક્યાં હિન્દી ભાષાની આછી છાંટ નજરે પડે છે.

વેગડે મુર્સી પાસેની ધર્મશાળાના રખેવાળા ના રેખાચીત્રમાં લોક બોલી ને વર્ણી લેતા લખ્યું છે કે તારી પાસેથી થોડું બળતણ મળશે ? તો ખે આ હાં માલિકા વેગડે ત્રણ ચાર સવાલ પૂછ્યા તેનો જવાબ આ હાં માલિકમાં જ આપ્યો. તેનું આહાં એટલે ગુજરાતીમાં 'ના' થાય છે. અહી લોક બેલીનો ઉત્તમ પરિચય મળે છે.

પરિક્રમામાં આગળ વધતાં ડોગરગાંવ પહોંચ્યા ત્યાં તેમને ઓરડાવાળી ધર્મશાળા મળી ત્યાં એક પરમહંસી સાધુ પૈસા અને અગ્નિનો સ્પર્શનો ન કરે એટલે ધૂપ -દીપ ન કરે , અગરબતીય ન સળગાવે , રાત્રે અંધારામાં જ રહે , અગ્નિને અડે નહી એટલે રસોઈ તો બનાવી જ ન શકે . એક કિસાન ને ત્યાં જીને જમી આવે એક જ વાર જમે . આ પુસ્તકમાં વેગડે વિચિત્ર વ્રત ધારી સાધુ સંન્યાસીઓ ના રેખાચિત્રો ઉપસાવ્યા છે.

કેપરપા થી હિરાપુર જતાં સર્જકને બે સંન્યાસી મળેલા તેમાંનો એક ૩૧ વર્ષનો કાળી તેજસ્વી આંખો , કાળી દાઢી, દૂધ જેવા સફેદ દાંત ને પ્રભાવશાળી ચહેરો અને તેઓ કડકડાટ અંગ્રેજી બોલે મૂળ ગુજરાતના વડોદરા ના વતની હતા તેઓ દિગંબર અવસ્થામાં જીવે છે.

આમ સૌંદર્ય ની નદી નર્મદામાં વેગડે પ્રકૃતિની સાથે સાથે રેખાચિત્રો ની ભરમાર શરૂ કરી છે અને તેમાં તેઓ સફળ રહ્યા છે. નર્મદા કોઠા ના રહેવાસીઓ કે પછી તેમના માં વ્યાપેલા રીવાજો અને સંસ્કૃતિ ને તેમને ઉજાગર કરી છે. નર્મદાની પરિક્રમા માં તેમને નિહાળેલા સાધુ સંતો અને ધર્મશાળાઓના ચોકીદાર ના રેખાચિત્રો ને જુદો ઓપ આપ્યો છે. નર્મદા-કાંઠે પાણી ભરતી સ્ત્રીઓ હોય કે પછી ખેતર માં પાણી છીંચતા ખેડૂતો હોય તેમના ઉત્તમ રેખાચિત્રો આકાર પામ્યા છે.

આમ વેગડે સાબિત કરી બતાવ્યું છે કે તેઓ એક ઉત્તમ ચિત્રકાર અને લેખક છે . વેગડના આ પુસ્તકમાં કલાનો ઉત્તમ નમુનો પુરવાર થાય છે

સંદર્ભગ્રંથ

1. **સૌંદર્યની નદી નર્મદા - અમૃતલાલ વેગડ**

The superior man acts before he speaks, and afterwards speaks according to his action.

~ Confucius